પ્રકરણ 10

# મૂળભૂત લોકશાહી – ભાગ 1 : શાસન

"राजनं धर्मगोप्तरं धर्मो रक्षति रक्षितः"

શાસક ધર્મનું રક્ષણ કરે છે અને જે લોકો ધર્મનું રક્ષણ કરે છે, ધર્મ તેમનું રક્ષણ કરે છે.

— મહાભારત


"ન્યાય વિના શાંતિ નથી;
સમાનતા વિના ન્યાય નથી;
વિકાસ વિના સમાનતા નથી;
સંસ્કૃતિઓ અને લોકોની ઓળખ અને ગરિમા પ્રત્યેના આદર વિના લોકશાહી નથી."

— રિગોબર્ટા મેન્યુ તુમ

## મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ?

1. 'શાસન નો અર્થ શું છે?
2. આપણને સરકારની જરૂર કેમ છે?
3. લોકશાહીનો અર્થ શું છે ? તે શા માટે મહત્ત્વની છે ?

0661CH10





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પરિચય

દીર્ઘકાળથી માણસ સમાજમાં રહેતો આવ્યો છે. જ્યારે ઘણા બધા લોકો સાથે રહે છે, ત્યારે મતભેદ અને અરાજકતાની સ્થિતિ ઉદ્ભવી શકે છે. આવી સ્થિતિમાં, સમાજમાં વ્યવસ્થા અને સદ્ભાવ જાળવી રાખવા માટે નિયમો જરૂરી બની જાય છે.

શક્ય છે કે તમારા ઘરમાં પણ કેટલાક સામાન્ય નિયમો હશે, જેનું પાલન કરવાની અપેક્ષા તમારી પાસે રાખવામાં આવે છે. તમે જે શાળામાં ભણો છો, ત્યાં પણ નિયમો હશે — કેટલાક વિદ્યાર્થીઓ માટે, તો કેટલાક શિક્ષકો માટે. આગળના ધોરણોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે પણ અમુક જરૂરી નિયમોનું પાલન કરવું પડે છે. રસ્તા પર વાહન ચલાવતા લોકો માટે પણ ટ્રાફિકના નિયમોનું પાલન જરૂરી છે. રસ્તા પરના ડ્રાઈવરો પાસે ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તમામ પ્રકારની નોકરીઓમાં કામ કરતા લોકોએ પણ તેમના નોકરી આપનાર દ્વારા નિર્ધારિત કરેલ નિયમોનું પાલન કરવું જરૂરી છે, જ્યારે નોકરી આપનારે પણ તેમના કર્મચારીઓ પ્રત્યે પ્રતિબદ્ધ નિયમોનું પાલન કરવું આવશ્યક છે. જો કોઈપણ વ્યક્તિ આ નિયમોનું પાલન ન કરે તો શું થશે? સરળ જવાબ એ છે કે સમાજ યોગ્ય રીતે કાર્ય કરી શકશે નહિ.

### ચાલો, શોધીએ



→ પાના નં-151 પર ચિત્ર 10.1 માં આપેલાં ચિત્રો વિશે જણાવો. તમે તેમાં શું ફરક જોશો ?

→ નિયમો અંગેની અમારી ચર્ચા સાથે તમે આ ચિત્રને કેવી રીતે જોડશો ?

→ તમારી શાળામાં કેટલા નિયમો છે ? તે નિયમો કોણે બનાવ્યાં ?

નિયમો કોણે બનાવ્યા અને શા માટે બનાવ્યા ? તે કઈ રીતે બનાવ્યા ? આવા કેટલાક પ્રશ્નો વિશે આપણે આ પ્રકરણમાં અભ્યાસ કરીશું. નિર્ણય લેવાની પ્રક્રિયા વિવિધ નિયમોના સમૂહોથી સામાજિક જીવનને ગોઠવવું અને તેમનું પાલન સુનિશ્ચિત કરવાને જ **શાસન** કહેવાય છે. **સરકાર** એ વ્યક્તિઓના સમૂહ અથવા તંત્રને કહેવામાં આવે છે, જે નિયમો બનાવે છે અને તેમના પાલનને સુનિશ્ચિત કરે છે. કેટલાક વધુ મહત્ત્વપૂર્ણ નિયમોને **કાયદા** કહેવાય છે.

આનો મતલબ ક્યારેય એમ નથી કે જે નિયમો અને કાયદા એકવાર બનાવવામાં આવે, તેઓ હંમેશા માટે સ્થિર રહે. જેમ કે તમે તમારા ઘરમાં માતા-પિતાને કોઈ ખાસ નિયમ અંગે ચર્ચા કરી શકો છો અથવા વિદ્યાર્થી સંઘ, શાળા અથવા





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

યુનિવર્સિટી વ્યવસ્થાપનને નિયમોમાં ફેરફાર કરવા માટે કહી શકો છો, તેવી જ રીતે સમાજને સંચાલિત કરતા કાયદા અને નિયમોમાં પણ નાગરિકો પોતાનો અવાજ ઉઠાવી શકે છે. આપણે સમજીશું કે આ કેવી રીતે થાય છે.





*ચિત્ર 10.1*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ચિત્ર 10.2




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, શોધીએ

→ શું તમે જાહેર સેવાની શ્રેણીઓ ઓળખી શકો છો અથવા એવી પ્રવૃત્તિઓ કે જે પાના નં-152 ચિત્ર 10.2 માં દર્શાવેલા દસ ચિત્રોમાં દર્શાવવામાં આવી છે ?

→ આ દરેક પ્રવૃત્તિમાં સરકાર શું ભૂમિકા ભજવે છે ? એ અંગે તમારું મંતવ્ય જણાવો.

→ શું તમે તમારા દૈનિક જીવનનાં અન્ય પાસાં વિશે વિચારી શકો છો જ્યાં સરકાર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે ?



## સરકારનાં ત્રણ અંગો

વિશ્વભરમાં સમાજ જે રીતે કાર્ય કરે છે, તે ડિજિટલ ટેક્નોલોજી દ્વારા પરિવર્તિત થઈ રહ્યું છે. ભારતમાં 30 વર્ષ પહેલાં, જ્યારે લોકોને પોતાના દૂર બેઠેલા સંબંધીઓને નાણાં મોકલવાનાં હોય, ત્યારે તેઓ પોસ્ટ ઑફિસની લાઈનમાં ઊભા રહીને ફોર્મ ભરી મની ઑર્ડરથી મોકલતા અથવા જો તેમને કોઈ વ્યવસ્થા માટે ચૂકવણી કરવી હોત, તો તેઓ પહેલા બેંકમાં જઈને ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવતા અને પછી તેને પોસ્ટ દ્વારા મોકલતા. તમે કદાચ આ શબ્દો ('મની ઑર્ડર' અથવા 'ડિમાન્ડ ડ્રાફ્ટ') વિશે સાંભળ્યું પણ નહીં હોય, કારણ કે આજે આપણી પાસે નાણાં મોકલવા માટે ડિજિટલ સાધનો ઉપલબ્ધ છે.

ડિજિટલ ટેક્નોલોજી એ ખાસ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓને પણ જન્મ આપ્યો છે, જ્યાં કેટલાક ગુનેગારો ડિજિટલ માધ્યમો દ્વારા લોકોના નાણાં (રકમ) ચોરવા માટે નવી-નવી રીતો શોધે છે. આવી ઘણી ગુનાહિત પ્રવૃત્તિઓને (જેને **'સાઈબર ક્રાઈમ'** કહેવાય છે) રોકવા માટે સરકારોએ અનેક નવા કાયદા બનાવ્યા છે. કેટલાક સાઈબર ગુનેગારો, જેમણે તેમની ટેક્નિકલ કુશળતાનો ઉપયોગ સમાજની ભલાઈ માટે નહીં, પરંતુ નિર્દોષ લોકોને લૂંટવા માટે કર્યો, તેમને પકડી પાડવામાં આવ્યા છે અને અદાલત દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે, તેમને આર્થિક દંડ અને જેલની સજા કરવામાં આવે છે.

આ ઉદાહરણ દ્વારા આપણે જોઈ શકીએ છીએ કે કેવી રીતે સરકારનાં ત્રણેય અંગો (શાખાઓ) એક સાથે કાર્ય કરે છે.


• **ધારાસભા (Legislature)** : ધારાસભા નવા કાયદા બનાવે છે અને કેટલીક વખત જૂ કાયદાઓમાં ફેરફાર કરે છે અથવા તેમને રદ કરે છે. આ કાર્ય જનપ્રતિનિધિઓની સભા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દ્વારા કરવામાં આવે છે. આપણે ભારતીય શાસન વ્યવસ્થાનો આગળ અભ્યાસ કરીશું.


- **કારોબારી (Executive) :** કાર્યપાલિકા એ શાખા છે જે કાયદાઓને અમલમાં મૂકે છે. તેમાં રાષ્ટ્ર અથવા રાજ્યના વડા (રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ, વડાપ્રધાન અથવા મુખ્યમંત્રી), મંત્રીઓ અને એજન્સીઓ આવે છે, જે કાયદાઓની અમલવારીની જવાબદારી લે છે. (આ ઉદાહરણમાં, સાઇબર પોલીસ એવી એક એજન્સી છે.)
- **ન્યાયતંત્ર (Judiciary) :** ન્યાયપાલિકા એ અદાલતોની વ્યવસ્થા છે, જે નક્કી કરે છે કે કોઈએ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં. જો કર્યું હોય, તો તેના વિરુદ્ધ શી કાર્યવાહી કરવી. અથવા જો જરૂરી હોય, તો તેને શું દંડ આપવામાં આવે, કેટલાક કેસમાં, ન્યાયપાલિકા એ પણ ચકાસે છે કે ન્યાયતંત્ર દ્વારા લેવામાં આવેલો કોઈ નિર્ણય યોગ્ય છે કે નહીં અથવા ધારાસભા દ્વારા પસાર કરાયેલો કાયદો લોકોને ફાયદાકારક છે કે નહીં.



## ચાલો, શોધીએ

ઉપરોક્ત સાયબર ગુનેગારોના કિસ્સામાં સરકારનાં ત્રણેય અંગો કેવી રીતે કાર્ય કરે છે તેનું વર્ણન કરો. તેઓ કેવી રીતે એક બીજાના કાર્યમાં સંકલન કરે છે ?

કોઈપણ સારી શાસન વ્યવસ્થામાં, આ ત્રણેય અંગોને ચોકસાઈપૂર્વક અલગ રાખવામાં આવે છે, જોકે તેઓ એકબીજાને સાથે સંકલન અને સાથે મળીને કામ કરે છે. આ વિભાજનને **'સત્તાનું વિભાજન'** કહેવામાં આવે છે. (આકૃતિ 10.3). તેનો હેતુ સમગ્ર તંત્ર પર નિયંત્રણ અને સંતુલન જાળવવાનો છે, એટલે કે સરકારનું દરેક અંગ અન્ય અંગોનાં કાર્યો પર નજર રાખી શકે છે અને જો કોઈ અંગ તેની અપેક્ષિત ભૂમિકા કરતાં અલગ કામ કરી રહ્યું છે, તો તેને નિયંત્રિત કરી શકાય છે અને સંતુલન પુનઃસ્થાપિત કરી શકાય છે.





*આકૃતિ 10.3*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ચાલો, શોધીએ



એક વર્ગ પ્રવૃત્તિ તરીકે, શું તમે એવી પરિસ્થિતિની કલ્પના કરી શકો છો જ્યાં સરકારનાં ત્રણેય અંગોની સત્તા એક જ જૂથના નિયંત્રણ હેઠળ આવે ? આવી પરિસ્થિતિમાં કેવા પ્રકારની અરાજકતા ઊભી થશે ? શું તમે વાસ્તવિક જીવનમાં સાંભળેલી આવી જ કોઈ પરિસ્થિતિનું વર્ણન કરી શકો છો ?

### સરકારનાં ત્રણ સ્તર

કોઈપણ સરકાર ઓછામાં ઓછા બે સ્તરે કાર્ય કરે છે - સ્થાનિક સ્તર અને રાષ્ટ્રીય સ્તર. ભારત સહિત ઘણા દેશોમાં, તે ત્રણ સ્તરે કાર્ય કરે છે - સ્થાનિક સ્તર, રાજ્ય અથવા પ્રાદેશિક સ્તર અને રાષ્ટ્રીય સ્તર. દરેક સ્તર અલગ અલગ વિષયો પર કાર્ય કરે છે. તુલનાત્મક દૃષ્ટિકોણથી જોઈએ તો, જો તમારા ઘરનો બલ્બ પ્રકાશિત ન થાય, તો આવા કિસ્સામાં તમે પહેલા બલ્બ, સ્વીચ, ફ્યૂઝ વગેરે તપાસશો. જો તે કામ ન કરતા હોય, તો તમે ઇલેક્ટ્રિશિયનને ફોન કરશો અને પછી જો ખબર પડે કે સમસ્યા ઘરમાં નથી, તો તમે વીજળી વિભાગમાં જઈને ફરિયાદ નોંધવશો. અહીં પણ સમસ્યાના ઉકેલ માટેનાં ત્રણ સ્તર છે.




આકૃતિ 10.4



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભારતમાં સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર (આકૃતિ 10.4) છે. ધારો કે થોડા દિવસોથી ભારે વરસાદને કારણે કોઈ જિલ્લાના કોઈ વિસ્તારમાં પૂર આવે છે. જો તે ખૂબ ગંભીર ન હોય, તો સ્થાનિક અધિકારીઓ પરિસ્થિતિને સંભાળી શકે છે. જો પૂર ઘણા શહેરો અને ઘણા ગામડાઓને અસર કરે છે, તો રાજ્ય સરકાર આગળ આવે છે અને જવાબદારી લે છે અને અસરગ્રસ્ત લોકોને બચાવવા માટે બચાવ ટીમો મોકલે છે. પરંતુ જો પૂર ભયંકર સ્વરૂપ ધારણ કરે છે અને મોટા વિસ્તારને અસર કરે છે, તો કેન્દ્ર સરકાર મદદ માટે આગળ આવે છે અને રાહત સામગ્રી અને સેના વગેરે મોકલે છે. આ ઉદાહરણમાં તમે સરકારનાં ત્રણેય સ્તરોનું કાર્ય જોઈ શકો છો.



### ચૂકશો નહીં

આપણી ઘણી સંસ્થાઓનાં સૂત્ર આપણા પ્રાચીન ગ્રંથોના જ્ઞાનથી પ્રેરિત છે. ઉદાહરણ તરીકે, ભારત સરકારનું સૂત્ર ‘સત્યમેવ જયતે’ છે, જેનો અર્થ થાય છે ‘સત્યનો જ વિજય થાય છે.’ સુપ્રીમ કોર્ટનું સૂત્ર ‘યતો ધર્મસ્તતો જયઃ’ છે, જેનો અર્થ થાય છે ‘જ્યાં ધર્મ છે, ત્યાં વિજય છે.’

સામેના પાનાં પરનું કોષ્ટક રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે સરકારનાં ત્રણ અંગો દ્વારા કરવામાં આવતાં મુખ્ય કાર્યોની રૂપરેખા આપે છે. આને ધોરણ 7માં વિગતવાર (વિધાનસભાની ચોક્કસ ભૂમિકા) શીખવવામાં આવશે. (સ્થાનિક સરકારોનો અહીં ઉલ્લેખ નથી કારણ કે આપણે એને આગામી બે પ્રકરણોમાં વિગતવાર સમજીશું.)



### ચાલો, શોધીએ

→ આકૃતિ 10.5 માં આપેલ કોષ્ટક જુઓ. તમારા જીવનને સૌથી વધુ અસર કરતાં કાર્યો અને જવાબદારીઓને પ્રકાશિત કરો.

→ બે કે ત્રણ વયસ્ક લોકોને તેમના કાર્ય-સંબંધિત સંપર્કો અથવા સરકાર સાથેની મુલાકાતો અથવા તેના અનુભવો વિશે પૂછો - આ મુલાકાતો કયા સ્તરે અને કયા હેતુઓ માટે થઈ હતી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | ભારત સ્તરે | રાજ્ય સ્તરે |
|---|---|---|
| **ન્યાયતંત્ર** | સર્વોચ્ચ અદાલત (Supreme Court) | વડી અદાલત (High Court) |

| | રાષ્ટ્રીય સ્તર | રાજ્ય સ્તર |
|---|---|---|
| **ધારાસભા** | બે **ગૃહ** લોકસભા અને રાજ્યસભામાં રાષ્ટ્રીય કાયદાઓ ઘડાય છે. | રાજ્ય વિધાનસભા અથવા વિધાન પરિષદ (નોંધ કરો કે મોટા ભાગનાં રાજ્યોમાં એક જ વિધાનસભા હોય છે, અને કેટલાંક રાજ્યોમાં વિધાનસભા અને વિધાન પરિષદ હોય છે.) |

| | કેન્દ્ર સરકાર | રાજ્ય સરકાર |
|---|---|---|
| **કારોબારી** | ભારતના રાષ્ટ્રપતિની આગેવાની હેઠળ (ના નામે-**ઔપચારિક**) (ભારતીય સશસ્ત્ર દળોના વડા અને સુપ્રીમ કમાન્ડર), કારોબારી વડા તરીકે પ્રધાનમંત્રી | રાજ્યપાલની આગેવાની હેઠળ (ના નામે-ઔપચારિક) કારોબારીના વડા તરીકે મુખ્યમંત્રી |
| **કારોબારીનું કાર્ય અને જવાબદારી (યાદી સંપૂર્ણ નથી.)** | • સંરક્ષણ<br>• વિદેશી બાબતો<br>• અણુઊર્જા<br>• સંદેશાવ્યવહારો<br>• ચલણ<br>• આંતરરાજ્ય વાણિજ્ય<br>• શિક્ષણ<br>• રાષ્ટ્રીય નીતિઓ ઘડવી | • પોલીસ, કાયદો અને વ્યવસ્થા<br>• રાજ્ય સ્તરે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓને અપનાવવા અને અમલીકરણ.<br>• જાહેર આરોગ્ય<br>• શિક્ષણ<br>• ખેતી<br>• સિંચાઈ<br>• સ્થાનિક સરકાર |

આકૃતિ 10.5

**ગૃહ :** એક ધારાસભા જ્યાં કાયદાઓની ચર્ચા કરવામાં આવે છે અથવા પસાર કરવામાં આવે છે.

**ઔપચારિક (Nominal) :** આ શબ્દ એ અર્થમાં ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ કારોબારીના સીધા વડા નથી પરંતુ વિશેષ પરિસ્થિતિઓમાં તેઓ પાસે વિશેષાધિકારો હોય છે. સામાન્ય રીતે તેઓ કેન્દ્ર કે રાજ્યમાં સીધી દખલ કરતા નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



### ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

ડૉ. એ.પી.જે અબ્દુલ કલામનો જન્મ 1931માં તમિલનાડુના રામેશ્વરમના એક સામાન્ય પરિવારમાં થયો હતો. ભારતના અવકાશ કાર્યક્રમ, મિસાઈલ કાર્યક્રમ અને પરમાણુ ક્ષમતાઓના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. કલામ 'મિસાઇલ મેન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ડૉ. અબ્દુલ કલામે 2002 થી 2007 સુધી ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. સર્વોચ્ચ પ્રતિષ્ઠિત પદ પર હોવા છતાં, સારા શિક્ષણ અને નવી શોધોમાં તેમની ઊંડી રુચિને કારણે તેઓ લોકો સાથે, ખાસ કરીને યુવાનો સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા હતા. સામાજિક કાર્ય પ્રત્યેનો જુસ્સો, સમર્પણ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા જેવા તેમના ગુણોએ લાખો લોકોને પ્રેરિત કર્યા છે. તેમણે ભારતના યુવાનોને મોટા સપનાં જોવા અને તે સપનાં સાકાર કરવા માટે માટે સખત મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા.

ડૉ. કલામે બતાવ્યું કે રાષ્ટ્રપતિ તરીકેનું તેમનું પદ પ્રતીકાત્મક હોવા છતાં, તે અસંખ્ય લોકોના જીવનને પ્રભાવિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ચાલો, આપણે તેમના કેટલાક પ્રેરણાદાયી વિચારો પર ધ્યાન કરીએ:

"આકાશ તરફ જુઓ, આપણે એકલા નથી. આખું બ્રહ્માંડ આપણું મિત્ર છે અને જે લોકો ઊંચાં સ્વપ્ન સેવે છે અને તેના માટે કામ કરે છે, તે તેમને સર્વોત્તમ સહાય આપવા માટે તત્પર છે."

"તમારા ધ્યેયમાં સફળ થવા માટે તમારા ધ્યેય પ્રત્યે તમારામાં એકચિત્તે નિષ્ઠા હોવી જોઈએ."

"જો તમે નિષ્ફળ જાઓ તો પણ હાર ન માનો." F.A.I.L.નો અર્થ - 'શીખવાનો પ્રથમ પ્રયાસ', એટલે કે શીખવા તરફનો પ્રથમ પ્રયાસ. અંત એ અંત નથી. ખરેખર E.N.D. 'પ્રયત્ન - ક્યારેય મરતો નથી. 'No'નો અર્થ એટલે કે પ્રયત્નો ક્યારેય નિરર્થક નથી હોતા. જો તમને 'ના' જવાબ મળે તો તેનો અર્થ થાય છે - 'આગામી તક', એટલે કે આગામી તક માટે તૈયાર રહો. તો, સકારાત્મક રહો."

"સ્વપ્ન એ નથી જે તમે સૂતી વખતે જુઓ છો; આ એક એવી ચીજ છે જે તમને ઊંઘવા દેતી નથી."

"જો ચાર બાબતોને અનુસરવામાં આવે - ઉચ્ચ ધ્યેય હોવું, જ્ઞાન પ્રાપ્ત કરવું, સખત મહેનત અને ખંત - તો કંઈપણ પ્રાપ્ત કરી શકાય."



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


### લોકશાહી (Democracy)

તમે કદાચ નોંધ્યું હશે કે આપણે પહેલાં 'લોકપ્રતિનિધિઓ' વિશે વાત કરી હતી. વિશ્વના મોટાભાગના દેશોએ લોકશાહીને તેમની શાસન વ્યવસ્થાના પાયા તરીકે અપનાવી છે. તેનો અંગ્રેજી શબ્દ **'ડેમોક્રેસી'** છે જે બે ગ્રીક શબ્દો 'ડૅમોસ' એટલે કે 'લોકો' એને 'ક્રેટોસ' એટલે કે 'શાસન પ્રણાલી અથવા તંત્ર અથવા સત્તા'થી બનેલો છે, તેથી લોકશાહીનો શાબ્દિક અર્થ જાહેર શાસન અથવા લોકતંત્ર (લોકોનું શાસન) થાય છે.

ખરેખર શું બધા લોકો સાથે મળીને શાસન કરી શકે ? તે સ્પષ્ટ છે કે આ શક્ય નથી. ધારો કે તમારા વર્ગમાં કોઈ સમસ્યા છે, જે શાળાના આચાર્યના ધ્યાન પર લાવવાની જરૂર છે, જેમ કે તમારા વર્ગખંડમાં કોઈ સમસ્યા છે અથવા શાળાના માળખાગત સુવિધાઓમાં કોઈ સમસ્યા છે અથવા કદાચ તમે તમારા ક્ષેત્રપ્રવાસ માટે તારીખ નક્કી કરવા માગો છો. આ સ્થિતિમાં, શું આખો વર્ગ આચાર્ય પાસે જશે? દેખીતી રીતે આ વ્યવહારું નથી. ઘણી શાળાઓમાં આખો વર્ગ એક મૉનિટર અથવા વર્ગ પ્રતિનિધિની પસંદગી કરે છે; જો કોઈ મૉનિટર ન હોય તો પણ, કોઈ ચોક્કસ કાર્ય માટે પ્રતિનિધિ પસંદ કરી શકાય છે અને તેને આચાર્ય પાસે મોકલી શકાય છે.

આ જ સિદ્ધાંત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પણ લાગુ પડે છે. ચૂંટણીઓ દ્વારા, જનતા તેમના **પ્રતિનિધિઓ**ને મત આપે છે, જે સંબંધિત ધારાસભા પસંદ કરેલા સભ્યો હોય છે. તેમને ઘણીવાર રાજ્ય સ્તરે **ધારાસભ્ય (MLA)** અને રાષ્ટ્રીય સ્તરે **સાંસદ (MP)** કહેવામાં આવે છે. આ બધા ચૂંટાયેલા સભ્યો ધારાસભામાં કાયદાઓની ચર્ચા કરે છે. સમસ્યાઓના ઉકેલ માટે પરસ્પર સંવાદ અને ચર્ચા દ્વારા ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે.

કોઈપણ આધુનિક લોકશાહીની જેમ, ભારતમાં પણ **લોકપ્રતિનિધિ આધારિત લોકશાહી** છે. 2024ના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ભારત લગભગ 97 કરોડ મતદારો સાથે વિશ્વનું સૌથી મોટું લોકશાહી રાષ્ટ્ર પણ છે. ભારતના કાયદા મુજબ, 18 વર્ષથી વધુ ઉંમરના તમામ ભારતીય નાગરિકોને ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર છે.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કલ્પના કરો કે તમારો વર્ગ પ્રવાસ માટેનું આયોજન કરી રહ્યો છે, પ્રવાસ પર જવા માટે બે સંભવિત સ્થળો છે - 'A' અને 'B'. વર્ગમાં આ બે સ્થળોની મુલાકાત લેવાના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરવામાં આવે છે, જેમ કે બન્ને સ્થળોનું અંતર, ત્યાં પહોંચવામાં લાગતો સમય, ખર્ચ, મૂળભૂત જરૂરિયાતોની ઉપલબ્ધતા વગેરે. આ પરિસ્થિતિઓમાં દરેક માટે એક જ નિર્ણય પર સંમત થવુ મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં, શિક્ષકો નક્કી કરે છે કે મતદાન દ્વારા સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જે વિદ્યાર્થીઓ 'A સ્થાને જવા માંગે છે તેમને હાથ ઊંચા કરવાનું કહેશો અને જે વિદ્યાર્થીઓ 'B' સ્થાને જવા માંગે છે, તેમણે પણ હાથ ઊંચા કરવા કહેશો. પ્રવાસ પર જવા માટે સૌથી વધુ વિદ્યાર્થીઓએ જે વિકલ્પ અથવા સ્થળ માટે હાથ ઉંચા કર્યા હતા તે વિકલ્પ પસંદ કરવામાં આવે છે. આ પ્રક્રિયાને મતદાન કહેવામાં આવે છે. આ **પ્રત્યક્ષ લોકશાહી**નું ઉદાહરણ છે, જ્યાં સ્થળ નક્કી કરતી વખતે દરેક વિદ્યાર્થીનો અભિપ્રાય લેવામાં આવતો હતો.

**પાયાના સ્તરની લોકશાહી** એ એવી પદ્ધતિઓનો ઉલ્લેખ કરે છે જે સામાન્ય નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે અને સુનિશ્ચિત કરે છે, જેમ કે પાના નં-155 પર આકૃતિ 10.4માં બતાવેલ પિરામિડનો પાયો છે. આ પ્રકારની વ્યવસ્થામાં, નાગરિકો પોતાને સ્પર્શતી બાબતો કે નિર્ણયો ઉપર પોતાનો મત વ્યક્ત કરી શકે છે.

આપણે આગળના બે પ્રકરણો તેમજ આગળનાં ધોરણોમાં ભારતીય લોકશાહીનાં અન્ય લક્ષણોનો પણ અભ્યાસ કરીશું.



## આપણે આગળ વધીએ તે પહેલાં....

- કોઈપણ દેશ શાસન અને સરકાર વિના ચાલી શકે નહીં.
- એક આધુનિક સરકારનાં ત્રણ અંગો હોય છે. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર-તેમણે સુમેળથી કામ કરવું જોઈએ.
- ભારત સરકાર ત્રણ સ્તરે કામ કરે છે - કેન્દ્ર અથવા રાષ્ટ્રીય, રાજ્ય અને સ્થાનિક.
- લોકશાહી પ્રણાલી એ આ માટેનું એકંદર માળખું છે. તે રાજ્ય અને રાષ્ટ્રીય એમ બંને સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કાર્ય કરે છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. તમારી જાતને તપાસો - પ્રત્યક્ષ લોકશાહી (Direct Democracy) અને પ્રતિનિધિ (Representative) લોકશાહી વચ્ચે શું તફાવત છે ?
2. સરકારનાં ત્રણ અંગો કયાં કયાં છે ? અને તેમની અલગ-અલગ ભૂમિકા જણાવો.
3. ભારતના પરિપ્રેક્ષમાં આપણને ત્રિસ્તરીય સરકારની આવશ્યકતા શા માટે છે ?
4. તમારા વડીલો કે શિક્ષકોની મદદથી નીચેની માહિતી એકત્ર કરો. Covid-19 રોગચાળા દરમિયાન થયેલા લૉકડાઉન વિશે તમને યાદ હશે. તે સમયે સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાંની યાદી બનાવો અને આ પરિસ્થિતિને પહોંચી વળવા સરકારના કયાં કયાં સ્તરો સામેલ હતાં ? અને તેમાં સરકારનાં દરેક અંગની ભૂમિકા શું હતી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in